ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:- 02** **તા:-09-04-2021**

## તાજેતરની કોરોના મહામારીને ધ્યાને લઇ કેન્દ્ર સરકાર દ્વારા જૂના ભાવે જ ખાતર પૂરું પાડવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

------------

## કેન્દ્ર સરકારના આ નિર્ણયને ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ દ્વારા આવકાર આપવામાં આવેલ છે.

-----------

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ અખબારી યાદીમાં જણાવે છે કે, તાજેતરમાં જ ખાતર ઉત્પાદક કંપનીઓએ ખાતર નો ભાવ વધારો મંજૂર કર્યો હતો, જે અન્વયે કેન્દ્ર સરકાર અને ખાતર ઉત્પાદક કંપનીઓના વહીવટી સંચાલકો સાથે એક મિટિંગનું આયોજન કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં કોરોના મહામારીની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ ખાતરો ઉપર કોઇપણ જાતનો ભાવ વધારો હાલમાં નહીં કરવામાં આવે અને દેશના ધરતીપુત્રોને જુના ભાવે જ ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવું નક્કી કરવામાં આવેલ છે.

દેશમાં ચાલી રહેલ કોરોના મહામારીની આવી વિકટ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર દ્વારા ધરતીપુત્રના હિતને ધ્યાને લઇ કરવામાં આવેલ આ નિર્ણયને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ દ્વારા આવકારેલ છે.

ડો. યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર